**<u>સાબરમતી વર્તુળ કચેરી</u>**

| અ. નં. | લોકસંવાદ સેતુ તારીખ | તાલુકા | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ ઉપર આપેલ જવાબ | નિરાકરણ | સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૫ | ૬ | ૭ | ૯ | | |
| ૧૦ | ૨.૦૪.૨૦૧૬ | વિરમગામ | | વાસણ, **રૂપાવટી, જેતાપુર જેવા અંતરિયાળ ગામોમાં ખેતીવાડીના બોર પર ખુબજ ઓછા વૉલ્ટેજ મળે છે જેના કારણે મોટરો બળી જાય છે અને પાક ને નુકશાન થાય છે.** | વિરમગામ | ટી.એસ.મજમુદાર ૯૮૭૯૨૦૧૪૬૬ | હા, હાલમાં ૬૬ કે.વી. વાસવા સબ-સ્ટેશનનું કામ પ્રગતિ હેઠળ છે અને એપ્રિલ-૧૬ સુધીમાં સબ-સ્ટેશન કાર્યરત થઈ જશે. કાર્યરત થયા પછી પૂરતા પ્રમાણમાં વૉલ્ટેજ મળશે અને મોટર બળવાનું પ્રમાણ ઘટી જશે જેથી પાકને નુકશાન થવાની શકયતા રહેશે નહી. | પ્રગતી | ૧ માસ |
| ૧૧ | ૨.૦૪.૨૦૧૬ | વિરમગામ | | વિરમગામ તાલુકાનાં ગામડા ઓફીસથી છૂટા-છવાયા અને દૂર અંતરે આવેલ. હાલમાં અમારા ત્યાં જે હેલ્પર નિમણૂક કરવામાં આવે છે તેણે ગામ વાસણ સિવાય રૂપાવટી, જેતાપુર, અસલગામનો ખુબજ લાંબો વિસ્તાર ફરજમાં હોવાથી ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. માટે સારી સેવા પૂરી પાડવા આવા વિસ્તારોમાં એક-એક હેલ્પર ની નિમણૂક દરેક ગામમાં ખુબજ જરૂરી છે. જેથી ગ્રામજનોને સારી સેવા મળી શકે. | વિરમગામ ગ્રામ્ય કચેરી | ટી.એસ.મજમુદાર ૯૮૭૯૨૦૧૪૬૬ | વિરમગામ તાલુકાનાં રુપવાટી,જેતપુર,અસલ્ ગામ ને સલંગ્ન વિજ સહાયક ને ફાળવેલ છે અને જરૂરિયાત મુજબ  ફરીયાદો ના નિવારણ માટે પેટા વિભાગીય ક્ચેરી દ્વારા  ગેંગ ના કર્મચારીઓ પણ ફાળવવામા આવે છે. ભવિષ્ય મા જરૂર જણાશે તો સ્વતંત્ર વિજ સહાયક ની નિમણુક અંગે વિચારણા કરવામા આવશે. | નિકાલ | |
| ૧૨ | ૨.૦૪.૨૦૧૬ | વિરમગામ | શ્રી સોલંકી ભવાનસિંહ કમાભાઇ | વિરમગામ તાલુકામાં ખેડૂતોને ૧૨ કલાક વીજળી આપવા બાબત નો પ્રશ્ન શ્રી સોલંકી ભવાનસિંહ કમાભાઇ એ રજૂ કરેલ. | વિરમગામ | ટી.એસ.મજમુદાર ૯૮૭૯૨૦૧૪૬૬ | પ્રશ્ન નીતીવિષયક હોવીથી વડી કચેરીને મોકલી આપવામાં આવશે. | નીતિ વિષયક | |
| ૧૩ | ૨.૦૪.૨૦૧૬ | વિરમગામ | શ્રી ગંભૂભાઇ હિરલાલ ભરવાડ | વિરમગામ તાલુકાના કાયલા, વેકરીયા, મોટીકિશોલ, કમીજલા ગામોમાં વીજળીકરણ કરી રાહત દરે દોઢ પોઈન્ટ વીજળીકરણનું કામ જરૂરી લાભાર્થીઓને આપવા બાબતનો પ્રશ્ન શ્રી ગંભૂભાઇ હિરલાલ ભરવાડ એ રજૂ કરેલ. | વિરમગામ | ટી.એસ.મજમુદાર ૯૮૭૯૨૦૧૪૬૬ | હા, હાલમાં ઉપરોક્ત ગામોના વીજળીકરણ માટે ઝૂપડપટ્ટી યોજના હેઠળ જરૂરી યાદી વિરમગામ-ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ને મળેલ છે અને હાલમાં સર્વેની કામગીરી ચાલુ છે. જરૂરી મંજૂરી મેળવી ઉપરોક્ત કનેક્શન મે ના અંત સુધીમાં કંપનીના નિયમ મુજબ ચાલુ કરવામાં આવશે. | પ્રગતી | **બે માસ** |
| ૧૪ | ૨.૦૪.૨૦૧૬ | વિરમગામ | શ્રી સિંધવ હરીભાઇ મહાદેવભાઇ | વિરમગામ તાલુકાનાં ગામ કાંકરાવાડી સર્વે નંબર ૮૫ માં નવીન ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે વર્ષ ૨૦૧૩ માં અંદાજપત્ર ના નાણાં ભરેલ છે. પરંતુ હજી સુધી વીજ જોડાણ મળેલ નથી, તો આ બાબતે કંપની દ્વારા ઝડપથી કાર્યવાહી કરી ન્યાય આપવા બાબતનો પ્રશ્ન શ્રી સિંધવ હરીભાઇ મહાદેવભાઇ એ રજૂ કરેલ. | વિરમગામ | ટી.એસ.મજમુદાર ૯૮૭૯૨૦૧૪૬૬ | હા, હાલમાં વીજ જોડાણ આપવા માટે કુલ ૮૦ થાંભલા ઉભા કરેલ છે. પરંતુ વડી કચેરીની સૂચના મુજબ ૨ કી.મી. થી વધારે લાઇન હોવાથી જરૂરી મંજૂરી માટે દરખાસ્ત વડી કચેરીને મોકલેલ છે.જરૂરી મંજૂરી આવ્યેથી કંપનીના નિયમ મુજબ બાકીના થાંભલલ ઉભા કરી વાયર ખેંચી કામ પૂર્ણ કરવામાં આવશે. | પ્રગતી | બે માસ |
| ૧૫ | ૨.૦૪.૨૦૧૬ | વિરમગામ | શ્રી દયારામ કાશીરામ કો.પટેલ | વિરમગામ તાલુકાનાં ગામ થોરીમુબારક સર્વે નંબર ૪૯૮ માં તા. ૨૯.૧૨.૧૪ ના રોજ ખેતીવાડીમાં વીજ જોડાણ માંગેલ જેનું હજી સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી તો ઝડપથી ન્યાય મળે તેવી નમ્ર અપીલ. વધુમાં હાલમાં અમારી પાસે કોઈ અન્ય વિકલ્પ ખેતીવાડી માટે ન હોવાથી વીજ જોડાણ માગીએ છીએ તો આ બાબતે યુજીવીસીએલ કંપની દ્વારા ઝડપથી કાર્યવાહી કરવા બાબતનો પ્રશ્ન શ્રી દયારામ કાશીરામ કો.પટેલ એ રજૂ કરેલ. | વિરમગામ | ટી.એસ.મજમુદાર ૯૮૭૯૨૦૧૪૬૬ | હા, હાલમાં માર્ચ-૧૪ સુધી અરજી કરેલ ગ્રાહકોની જરૂરી મંજૂરી લેવામાં આવેલ છે અને ટૂંક સમયમાં જ અંદાજપત્ર આપવામાં આવશે. અપ્રેલ-૧૪ થી ડીસેમ્બર-૧૪ સુધી ની અરજીઓનું સર્વે કામ મે-૧૬ સુધીમાં પૂર્ણ કરવામાં આણશે અને જરૂરી મંજૂરી મેળવી કંપનીના આપેલ ટાર્ગેટ મુજબ વીજ જોડાણ આપવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. | પ્રગતી | દસ માસ |